સુરતની ખાડીઓ માટેના ‘માસ્ટર પ્લાન’ના એક જ વર્ષમાં

ખાડીપૂર ખાળવાના ‘હવાઈ કિલ્લા’ વહેણમાં ગરક

ખાડીનાં દબાણો દૂર કરવા, ખાડી પહોળી કરવા, ડ્રેજિંગ કરવા સહિતનાં આયોજનોની વાતોના નામે તંત્રએ 200 કરોડનો ધુમાડો કર્યો છતાં સ્થિતિ ઠેરની ઠેર

સુરતઃ અનેક વર્ષોથી સુરતમાં ખાડીપૂર આવી રહ્યા છે પરંતુ નિંભર તંત્ર તેનો ઉકેલ લાવી શક્યું નથી. ગત વર્ષે ખાડીપૂર બાદ તંત્ર દ્વારા ખાડીપૂરને કાબુમાં કરવાના અનેક દાવાઓ કરવામાં આવ્યા હતા પરંતુ આ તમામ દાવાઓ હાલના ખાડીપૂરના પાણીમાં તણાઈ ગયા છે. ખાડીપૂરને માટે માસ્ટર પ્લાન બનાવવાનો દાવો કરવામાં આવ્યો હતો. આટલું જ નહીં, ખાડીના દબાણો દૂર કરવા, ખાડી પહોળી કરવાથી માંડીને ડ્રેજિંગ કરવા સુધીના આયોજનોની ગુલબાંગો પણ તંત્ર દ્વારા પોકારવામાં આવી હતી પરંતુ આ તમામ ખોટી પુરવાર થઈ છે. ખાડીપૂરની સ્થિતિ જેમની તેમ જ છે અને હાલમાં તો ખાડીપૂરે કેર વર્તાવ્યો છે અને હજારો ઘરોમાં ખાડીના પાણી ઘૂસી ગયા છે. બે-બે દિવસથી સુરતના લાખો લોકો પાણીમાં છે. ખાડીના પાણીએ અધિકારીઓમાં કેટલું પાણી છે તે બતાવી દીધું છે.

સુરતમાંથી કાકરા, ભેદવાડ, મીઠી, ભાઠેના તેમજ સીમાડા ખાડી વહે છે. આ ખાડીની ફરતે અડધું સુરત વસે છે. સને 2005માં પ્રથમ વખત સુરતમાં ખાડીપૂર આવ્યા હતા. ત્યારબાદ અવારનવાર ખાડીપૂર આવવા છતાં પણ જાડી ચામડીના તંત્રનું રૂંવાડું પણ ફરક્યું નથી. ખાડી ફરતે દબાણો થવા દીધા છે. ગેરકાયદે બાંધકામો થતાં રહ્યા છે અને તંત્ર હટાવવા તૈયાર નહોતું. ત્યાં સુધી કે તંત્ર દ્વારા એવો કોઈ જ સરવે પણ કરાયો નહોતો કે કેટલા દબાણો છે અને કેટલા ગેરકાયદે બાંધકામો છે? ગત વર્ષે ખાડીપૂર આવ્યા પરંતુ તેનો કાયમી ઉકેલ લાવવાને બદલે જાણે ભ્રષ્ટાચારનું એક નવું સાધન મળી ગયું હોય તેવો ઘાટ સર્જાયો છે.

તંત્ર દ્વારા જે તે સમયે ખાડીપૂરને રોકવા માટેની જાહેરાતો કરાયા બાદ રૂપિયા 200 કરોડના ખર્ચે કામગીરી પણ શરૂ કરવામાં આવી હતી પરંતુ આ કામગીરી પણ હાલના ખાડીપૂરમાં તણાઈ ગઈ છે. કામગીરીના નામે જાણે ભ્રષ્ટાચાર જ કર્યો હોય તેમ ખાડી છલકાઈ ઉઠી અને ખાડીની નજીકના વિસ્તાર બેથી શરૂ કરીને પાંચ-છ ફુટ પાણીમાં ગરક થઈ ગયા છે. બે-બે દિવસ થવા છતાં પણ ખાડીના પાણી ઉતર્યા નથી અને તંત્રની નફ્ફટાઈ, લાલીયાવાડીથી મલાઈ કમાઈ લેવાની લાલચનો ભોગ લોકો બની રહ્યા છે. લોકોએ નુકસાન વેઠવું પડી રહ્યું છે. કરોડો રૂપિયાનો ખર્ચ છતાં પણ ખાડીપૂરનો ઉકેલ આવતો નથી અને દર વર્ષે ખાડીપૂર સુરતને ધમરોળી જ રહ્યું છે.

તા. 4 જૂન, 2025નો અહેવાલ

સુરતમાં ચોમાસાની તૈયારી: ખાડી કિનારે દબાણો દૂર કરવા મનપા તંત્ર એક્શનમાં

ખાડીઓમાં વર્ષભર એકઠા થતા કચરાને

મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

તા.14 જુલાઈ, 2025નો અહેવાલ

ત્રણ ઝોનમાં ખાડી પરના એક ડઝન દબાણો હટાવાયાં

અઠવા-લિંબાયત અને ઉધના ઝોનમાં ખાડી પર બનેલા ગેરકાયદે પુલિયા અને કલવર્ટ તોડી પડાયા

સરથાણા ઝોનમાં પણ ડિમોલિશન માટે બોર્ડ મૂકી લોકોને જાણ કરાઈ

ક્યા ઝોનમાં કઈ કામગીરી કરાઈ

તા.15 જુલાઈ, 2025નો અહેવાલ

બે જ દિવસમાં ખાડીને અવરોધતા 30 સ્ટ્રક્ચર દૂર કરાયાં

આ દબાણો આટલાં વરસોથી સિંચાઇ વિભાગને કેમ દેખાતાં નહોતાં ? સમિતિ અધ્યક્ષ તરીકે કમિશનર મીટિંગમાં

ચોમાસાની ઋતુમાં પાણીનો સરળતાથી નિકાલ થઈ શકે. સીમાડા ખાડી, ઉન ખાડી, કાંકરા ખાડી, મીઠી ખાડી અને ભેદવાડખાડી પરના વિવિધ લોકેશન કામગીરી કરવામાં આવી હતી. મનપા દ્વારા સતત બીજા દિવસે ડિમોલીશન ઝુંબેશ ચલાવીને બે દિવસમાં કલ

ક્યાં ગઈ પ્રિ-મોન્સૂન કામગીરી? ક્યાં ગઈ વરસાદી ગટરો?

વરસાદ અટકવા છતાં પાણી નહીં ઊતરતાં તંત્ર સામે ભારે આક્રોશ

વેસુ જેવા પોશ એરિયામાં પણ દોઢ દિવસ બાદ પણ પાણી ઊતર્યાં નથી

પાણી ભરાવાને કારણે લોકોને થયેલા લાખોના નુકસાન માટે જવાબદાર કોણ?

સુરતઃ જે શહેરને સ્માર્ટ સિટી બનાવવાના મોટા-મોટા દાવાઓ વહીવટી તંત્ર દ્વારા ઠોકવામાં આવી રહ્યા હતા, તે સુરત શહેર માત્ર બે જ દિવસના વરસાદમાં સંપૂર્ણપણે ડૂબી ગયું છે. રિંગરોડ અને રાજમાર્ગ, કે જ્યાં પાણી ભરાતા નહોતા ત્યાં ભારે પાણી ભરાઈ ગયા હતા અને તે પણ ત્રણથી ચાર ફુટ?! તંત્રની કથિત ‘પ્રી-મોન્સૂન કામગીરી’ અને કરોડો રૂપિયાના ખર્ચે બનેલી વરસાદી ગટરોની પોલ આ વરસાદે ખોલી નાખી છે. આ કોઈ કુદરતી આફત નથી, પરંતુ સુરત મનપા, સુડા અને જિલ્લા પંચાયતના ભ્રષ્ટ અને અણઘડ વહીવટનું સીધું પરિણામ છે, જેણે લાખો નાગરિકોને મુશ્કેલીમાં મૂકી દીધા છે. જોવા જેવું છે કે વરસાદ બંધ થયાના કલાકો બાદ પણ સુરતના 36 જેટલા વિસ્તારોમાંથી હજુ પાણી ઉતર્યા નથી. તંત્રની બેદરકારીનો નમૂનો એ વાત પરથી જ જોઈ શકાય છે કે, માત્ર નીચાણવાળા વિસ્તારો જ નહીં, સુરતના કહેવાતા હાઈ-પ્રોફાઈલ વિસ્તાર વેસુના વીઆઈપી રોડ પર ૪ થી ૫ ફૂટ સુધીના પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે આખો વાહનવ્યવહાર ઠપ થઈ ગયો હતો. વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ન હોવાને કારણે વેપારીઓનો લાખો રૂપિયાનો માલસામાન પલળીને બરબાદ થઈ ગયો છે, તો સામાન્ય પરિવારોના ઘરવખરીના સાધનો પણ નાશ પામ્યા છે. વહીવટી તંત્રની આ નબળી નીતિ અને આયોજનના અભાવે સામાન્ય અને મધ્યમ વર્ગના લાખો લોકોને આર્થિક રીતે પાયમાલ કરી દીધા છે.

સવાલ જેનો જવાબ તંત્ર પાસે નથી!

» જો કરોડો રૂપિયા ચોમાસા પહેલાં ખર્ચાયા, તો દોઢ દિવસ બાદ પણ અનેક વિસ્તારો ટાપુ કેમ? » દોઢ દિવસ સુધી પાણી ન ઉતરે ત્યાં સુધી પાલિકાના હાઈ-પાવર પંપ અને આધુનિક મશીનરી ક્યાં ગાયબ હતી? » વરસાદી ગટર પાછળ કરેલો કરોડો રૂપિયાનો ખર્ચ કઈ ગટરમાં વહી ગયો? » જનતાને થયેલા લાખોના આર્થિક નુકસાનની જવાબદારી કોણ સ્વીકારશે?

અંતિમ યાત્રામાંથી પણ ફસાયેલાને રેસ્ક્યુ કરવામાં આવ્યા

■ વરસાદના કારમે વરાછા વિસ્તારની એક અંતિમયાત્રાને પણ વિઘ્ન નડ્યું હતું. જેમાં અંતિમયાત્રામાં ફસાયેલા લોકોને વરાછા પોલીસે ટ્રેક્ટરની મદદથી સલામત સ્થળે પહોંચાડ્યા હતાં. (તસવીર : હેમંત ડેરે)

ભારે વરસાદ વચ્ચે GPCBની ઔદ્યોગિક વિસ્તારોમાં પ્રદૂષણ રોકવા ખાસ તકેદારી

ચોમાસા પૂર્વે ઓપન હાઉસ, વર્કશોપ અને એડ્વાઈઝરીથી ઉદ્યોગોને સતર્ક કર્યા હતા

સુરતઃ ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) સુરત દ્વારા ચોમાસા પૂર્વે જ વ્યાપક તૈયારીઓ હાથ ધરવામાં આવી હતી. પર્યાવરણીય પ્રદૂષણને અટકાવવા અને ઔદ્યોગિક વિસ્તારોમાં કોઈપણ પ્રકારની પ્રતિકૂળ પરિસ્થિતિ સર્જાય નહીં એ માટે વિવિધ સ્તરે આયોજનબદ્ધ કામગીરી કરવામાં આવી હતી.7 જુલાઈ, 2026ના રોજ સમગ્ર સુરત જિલ્લામાં સતત ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાઈ હતી. જો કે, આ પરિસ્થિતિ વચ્ચે પણ GPCBની વિવિધ ફિલ્ડ મોનિટરિંગ ટીમો દિવસભર સક્રિય રહી હતી. ખાસ કરીને ઔદ્યોગિક વિસ્તારો તેમજ પર્યાવરણની દૃષ્ટિએ સંવેદનશીલ સ્થળો પર સતત દેખરેખ રાખવામાં આવી હતી. ફિલ્ડ અધિકારીઓ દ્વારા સ્થળ પર પહોંચી વિગતવાર નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

સ્ટેન્ડબાય રિસ્પોન્સ ટીમો તૈયાર રાખવા નિર્દેશ

જીપીસીબીના પ્રાદેશિક અધિકારી અરુણ પટેલના જણાવ્યા મુજબ સમગ્ર ચોમાસાની ઋતુ દરમિયાન ઔદ્યોગિક વિસ્તારોમાં સતત મોનિટરિંગ ચાલુ રહેશે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જીપીસીબી દ્વારા સીઈટીપી, ઔદ્યોગિક એસોસિએશનો તથા ઉદ્યોગોને સ્ટેન્ડબાય રિસ્પોન્સ ટીમો તૈયાર રાખવા સૂચના આપવામાં આવી છે. જેથી કોઈપણ અચાનક સર્જાતી પર્યાવરણીય ઘટનાનો તાત્કાલિક પ્રતિસાદ આપી શકાય.

વેસુમાં બિલ્ડિંગની ગેરકાયદે ડી-વોલ ધસી પડતાં 4 લાખનો દંડ

સુરતઃ વેસુ વીઆઈપી રોડ પર આવેલા ‘ધી ગ્રાન્ડ પ્લાઝા’ નજીક પાલિકાની કોઈ પણ મંજૂરી લીધા વિના જ બેઝમેન્ટનું ગેરકાયદેસર ખોદકામ ચાલી રહ્યું હતું. મંગળવારે આ સાઇટની પ્રોટેક્શન વોલ (ડી-વોલ) અચાનક ધડાકાભેર તૂટી પડી હતી. જેથી બાજુમાં આવેલી હાઈરાઈઝ બિલ્ડિંગના પાર્કિંગની જમીન બેસી ગઈ હતી અને ત્યાં પાર્ક કરેલી ગાડીઓ એકતરફ નમી ગઈ હતી. આ ઘટનાએ લોકોને થોડા સમય પહેલા ભીમરાડમાં બનેલી આવી જ એક દુર્ઘટનાની યાદ અપાવી દીધી હતી. પાલિકાએ કડક વલણ અપનાવીને ડેવલોપરને ૪ લાખનો દંડ ફટકાર્યો છે. આ સાથે જ મંજૂર નકશા વિરુદ્ધ થયેલું ગેરકાયદેસર બાંધકામ કેમ દૂર ન કરવું, તે અંગે કારણદર્શક નોટિસ ફટકારીને 7 દિવસમાં ખુલાસો કરવા આદેશની સાથે ગેરકાયદે બાંધકામને તાત્કાલિક તોડી પાડવાનો પણ આદેશ આપ્યો છે.

સુરતમાં વરસાદી સંકટ વચ્ચે માનવતાની મિસાલ બન્યું ભડિયાદરા એજ્યુકેશન ટ્રસ્ટ

સુરતઃ શહેરમાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે. તંત્ર દ્વારા સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવેલા લોકોની મદદ માટે માલાભાઈ સારાભાઈ ભડિયાદરા એજ્યુકેશન ટ્રસ્ટ આગળ આવ્યું છે. તંત્રના સંકલનથી ટ્રસ્ટ દ્વારા વિવિધ રેસ્ક્યુ સેન્ટરોમાં આશ્રય લઈ રહેલા લોકોને મોટા પાયે ફૂડ પેકેટ્સ અને પીવાના પાણીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ટ્રસ્ટના પ્રમુખ વિજયભાઈ માલાભાઈ ભરવાડના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં એક લાખ ફૂડ પેકેટ્સ અને પાણીની બોટલોનું વિતરણ કરવામાં આવ્યું છે. ટ્રસ્ટ દ્વારા કુલ ચાર લાખ ફૂડ પેકેટ્સ તૈયાર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. રાહત સામગ્રી સુરતના તમામ ઝોનના રેસ્ક્યુ અને હોમ સેન્ટરો સુધી પહોંચાડવામાં આવી રહી છે,. ટ્રસ્ટે જરૂરિયાત મુજબ આગામી દિવસોમાં પણ રાહત કામગીરી સતત ચાલુ રાખવાની ખાતરી આપી છે. નોંધનીય છે કે, માલાભાઈ સારાભાઈ ભડિયાદરા એજ્યુકેશન ટ્રસ્ટ વર્ષ 2009થી ગુજરાતમાં કુદરતી આફતો અને અન્ય કપરી પરિસ્થિતિઓ દરમિયાન સતત માનવસેવાનું કાર્ય કરી રહ્યું છે.

Dsi Department of Science and Technology Government of Gujarat
Directorate of ICT & e-Governance
Department of Science & Technology
Government of Gujarat
સત્યમેવ જયતે

વિકસિત ગુજરાત
ડેટા સેન્ટર
પૉલિસી
૨૦૨૬-૨૦૨૯
પાવરિંગ ડિજિટલ ઈન્ડિયાનો
શુભારંભ

મુખ્ય અતિથિ
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

અતિથિ વિશેષ
શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

ગરિમામયી ઉપસ્થિતિ
શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા
માનનીય મંત્રી, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ,
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર

“વર્તમાન સમયના આ ડિજિટલ યુગમાં સુરક્ષિત ડેટા, કનેક્ટિવિટી અને ઇનોવેશન થકી ગુજરાતને વૈશ્વિક ટેક્નોલોજીનું હબ બનાવવું એ અમારું લક્ષ્ય છે.
- હર્ષ સંઘવી
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત”

તારીખ: ૯ જુલાઈ, ૨૦૨૬ | સમય:સવારે ૧૦:૦૦ વાગે | સ્થળ: મહાત્મા મંદિર, ગાંધીનગર

જીવંત પ્રસારણ: CMOGujarat CMOGujarat CMOGujarat CMOGujarat